JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ અગિયારસ મંગળવાર ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૧ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# કોલસાનું સંકટ: દેશના 40% પાવર પ્લાન્ટ્સમાં સ્ટોક તળિયે

**74 પાવર** પ્લાન્ટ્સ પાસે માત્ર 3 દિવસ ચાલે તેટલો જ કોલસો બચ્યો વીજળીની રેકોર્ડ માંગ સામે કોલસાની આયાત 15 મહિનાની હાઈ પર; ચોમાસાને લીધે લોજિસ્ટિકલ સમસ્યા

**મુંબઈ, તા. 21.** અલ નિનો સાથે સંકળાયેલા સામાન્ય કરતાં વધુ ગરમ હવામાન વચ્ચે વીજળીની માંગમાં વધારાને કારણે ભારતના લગભગ 40 ટકા કોલસા આધારિત પાવર પ્લાન્ટ અત્યંત ઓછા ઈંધણ સ્ટોક સાથે કાર્યરત છે.

સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના દૈનિક ધોરણે અપડેટ થતા ડેટા મુજબ, 19 સપ્ટેમ્બર સુધીમાં એવા પાવર પ્લાન્ટ્સની સંખ્યામાં તીવ્ર વધારો થઈને 74 થઈ ગઈ છે કે જેમની પાસે જરૂરી જથ્થાના 25 ટકા કરતા પણ ઓછો કોલસાનો સ્ટોક છે અથવા જેઓ માત્ર ત્રણ દિવસથી ઓછા સમય માટે વીજળી ઉત્પન્ન કરી શકે તેમ છે; ગયા અઠવાડિયે આવા પ્લાન્ટ્સની સંખ્યા લગભગ 60 હતી.

ભારતની મહત્તમ વીજળીની જરૂરિયાત, જે છેલ્લા અઠવાડિયામાં 230 ગીગાવોટથી 250 ગીગાવોટ વચ્ચે રહી છે. મે મહિનામાં પીક પાવર ડિમાન્ડ 270.70 ગીગાવોટની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી.

ક્રિસિલ વિશ્લેષકોએ જણાવ્યું હતું કે પાવર પ્લાન્ટના સ્ટોકમાં ઘટાડો કોઈ માળખાકીય પુરવઠા અવરોધોના સંકેતને બદલે કામચલાઉ લોજિસ્ટિકલ સમસ્યા હોવાનું જણાય છે.

ભારતના કોલસા અને રેલ્વે મંત્રાલયોએ સપ્ટેમ્બરની શરૂઆતમાં જણાવ્યું હતું કે તેઓ અનિયમિત ચોમાસાના વરસાદને કારણે શિપમેન્ટ પર અસર પડી હતી ત્યારબાદ તેઓ પ્લાન્ટ્સને પુરવઠો વધારી રહ્યા છે.

એપ્રિલ અને ઓગસ્ટ વચ્ચે નવીનીકરણીય વીજ ઉત્પાદનમાં લગભગ 21 ટકા નો વધારો થયો હતો, પરંતુ ક્લીન એનર્જી રોકાઈને આવવાના કારણે, કોલસા આધારિત વીજળી ચોવીસ કલાક માંગને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી રહી, એમ ક્રિસિલે જણાવ્યું હતું.

દરમિયાન, ઓગસ્ટમાં ભારતીય વીજ ઉત્પાદકોની કોલસાની આયાત 15 મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગઈ કારણ કે ગરમીના કારણે વીજળીની માંગમાં વધારો થયો હતો જ્યારે હાઈડ્રોઈલેક્ટ્રિક વીજ ઉત્પાદન ધીમું રહ્યું હતું, જેના કારણે યુટિલિટીઝને મોંઘા વિદેશી પુરવઠા તરફ વળવું પડ્યું હતું.



બહુચર્ચિત કેન-બેટવા લિંક પ્રોજેક્ટ, જેમાં કેન અને બેટવા નદીઓને જોડવાની યોજના છે તેને કારણે અનેક આદિવાસી પરિવારો વિસ્થાપિત થયા છે. ઘર ડૂબમાં ગયા બાદ વળતર અને પુનર્વસનની માંગ સાથે 'કેન-બેટવા', 'મઝગવાં' અને 'રુંઝ' નદી જોડાણ પ્રોજેક્ટથી પ્રભાવિત વિસ્થાપિત ગ્રામજનોએ પન્ના, મધ્યપ્રદેશમાં સોમવાર, 21 સપ્ટેમ્બર, 2026ના રોજ ચિતા પર પ્રતીકાત્મક રીતે સૂઇને 'ચિતા આંદોલન' વિરોધ પ્રદર્શન કર્યું હતું. અનેક મહિલા આંદોલનકારીઓ ચિતા પર સૂઇ ગયા હતા તો કેટલાકે પ્રતિકાત્મક ફાંસો ખાવાનું પણ પ્રદર્શન કર્યું હતું.

# ભારતીય સૈન્યના T-72 અને T-90 ટેન્ક માટે 586 કરોડનો મોટો કરાર



**ઓક્સિલરી** પાવર યુનિટ્સની ખરીદીથી ટેન્કની યુદ્ધ ક્ષમતા વધશે

**નવી દિલ્હી, તા. 21 (PTI):** સંરક્ષણ મંત્રાલયે ભારતીય સેનાના ટેન્ક કાફલાની ઓપરેશનલ તૈયારીઓ અને વિશ્વસનીયતાને વધુ મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે.

સોમવારે દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં T-72 અને T-90 ટેન્ક માટે 'ઓક્સિલરી પાવર યુનિટ્સ' (APUs)ની ખરીદી માટે એક ખાનગી કંપની 'એક્યુરેટ ઈન્ડસ્ટ્રિયલ કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડ' સાથે રૂ. 586 કરોડના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઓક્સિલરી પાવર યુનિટ (APU) એ ટેન્કની ફાયર કંટ્રોલ સિસ્ટમ, ફાયરિંગ સર્કિટ, ગન સ્ટેબિલાઈઝેશન સિસ્ટમ અને અન્ય સાધનો માટે વીજળી ઉત્પન્ન કરવાનો એક વૈકલ્પિક સ્ત્રોત છે. તેના ઉપયોગથી મુખ્ય એન્જિન બંધ હોય ત્યારે પણ ટેન્કના મહત્વપૂર્ણ ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ ચાલુ રાખી શકાય છે.

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી

### બ્રિક્સ સમિટમાંથી આઈ એન્ડ બી મંત્રાલયની બાદબાકી

દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ સમિટ 2026 કદાચ પહેલી એવી મોટી આંતરરાષ્ટ્રીય પરિષદ હતી જેમાં વિદેશ મંત્રાલયે માહિતી અને પ્રસારણ મંત્રાલયને બાકાત રાખ્યું હતું. સામાન્ય રીતે આવા પ્રસંગોએ આઈ એન્ડ બી વિભાગ ઘરેલું અને આંતરરાષ્ટ્રીય મીડિયા સાથે સંકલન સાધવું, પૃષ્ઠભૂમિની સામગ્રી અને બ્રીફ તૈયાર કરવી, મુલાકાતીઓની સ્થાનિક સુવિધા અને શરમજનક ક્ષણો તથા નિવેદનોને સંભાળવા જેવી ફરજો બજાવે છે. વ્યવસ્થાઓને સરળ બનાવવા માટે આઈ એન્ડ બીના અનુભવી હાથ વગર, પરિષદના કેટલાક એડિટ કર્યા વગરનાં દૃશ્યો વાયરલ થઇ ગયા, જેનાથી સરકારની ફજેતી થઈ. તમામ કેન્દ્રીય પ્રધાનો અને મુખ્ય પ્રધાનોને સંસદ ભવનથી ભારત મંડપમ સુધી બે બસોમાં લઈ જવાનો નિર્ણય ક્યાંક બીજે લેવાયો હશે - પરંતુ ગૃહ પ્રધાન અમિત શાહ, આરોગ્ય પ્રધાન જે.પી. નડ્ડા અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ જેવા વરિષ્ઠ નેતાઓ બસમાં એકસાથે ભીડમાં બેઠેલા દેખાતી રીલ્સથી ખુશ નહીં થયા હોય! માત્ર વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે મંડપમ પહોંચવા માટે અલગ કાફલો હતો, સાથે મોટા ભાગના વિદેશી રાષ્ટ્રમુખ્યો પણ હતા. કેટલાકનું માનવું હતું કે, બસની મુસાફરી બિનજરૂરી હતી. સંસદ ભવનથી મંડપમ

...અનુસંધાન પાના 15 પર

# અફઘાન સરહદ પર પાકિસ્તાનની એરસ્ટ્રાઈક

**પોતે ૨૮** ત્રાસવાદીઓ માર્યા હોવાનો પાક.નો દાવો, ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સુરક્ષા દળો પર તાજેતરમાં કરાયેલા ઘાતક હુમલાઓના જવાબમાં હવાઇ હુમલા કરાયા

**કાબૂલની** તાલિબાન સરકાર કહે છે કે પાકિસ્તાનના હુમલાઓમાં 3 નાગરિકો માર્યા ગયા, વળતો જવાબ આપવાની ધમકી



**ઈસ્લામાબાદ, તા. 21 (PTI).** પાકિસ્તાને સોમવારે જણાવ્યું હતું કે તેના સુરક્ષા દળોએ અફઘાનિસ્તાનની સરહદી વિસ્તારમાં આતંકવાદી કેમ્પો અને અડ્ડાઓ પર હવાઈ હુમલા કર્યા હતા, જેમાં અનેક આત્મઘાતી બોમ્બરો સહિત 28 આતંકવાદીઓ માર્યા ગયા હતા.

પાકિસ્તાનના માહિતી મંત્રાલયે જણાવ્યું હતું કે આ હવાઈ હુમલા ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના કોહાટ અને હંગુ જિલ્લામાં સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા "સુઆયોજિત ગુપ્તચર માહિતી આધારિત" ગ્રાઉન્ડ ઓપરેશન બાદ કરવામાં આવી હતી. ગ્રાઉન્ડ ઓપરેશન પછી આતંકવાદી સંગઠનોના અડ્ડાઓ અને સુરક્ષિત ઠેકાણાઓ પર "ચોક્કસ ગુપ્ત માહિતી પર આધારિત હવાઈ હુમલા" કરવામાં આવ્યા હતા, જેને પાકિસ્તાને રાજ્યમાં તાજેતરમાં થયેલા હુમલાઓ માટે જવાબદાર ઠેરવ્યા હતા. અફઘાન તાલિબાન સરકારે સોમવારે જણાવ્યું હતું કે તેના પૂર્વીય પ્રાંતો કુનાર અને પક્તિકામાં પાકિસ્તાની હવાઈ હુમલામાં

...અનુસંધાન પાના 15 પર

# ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર 20 ઓક્ટોબરથી અમલી

**ભારતીય** ઉત્પાદનોને ન્યૂઝીલેન્ડમાં મળશે 100 ટકા ડ્યૂટી-ફ્રી પ્રવેશ

**ડેરી** અને ડુંગળી જેવા સંવેદનશીલ ક્ષેત્રોને કરારમાંથી બહાર રાખી ભારતીય ખેડૂતોના હિતોનું રક્ષણ કરાયું

**ન્યૂઝીલેન્ડ** ભારતમાં 15 વર્ષમાં કરશે 20 અબજ ડોલરનું રોકાણ



**નવી દિલ્હી, તા. 21 (PTI):** ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે થયેલો મુક્ત વેપાર કરાર આગામી 20 ઓક્ટોબર 2026ના રોજ વિજયાદશમીના પવિત્ર અવસરે અમલમાં આવશે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે નવી દિલ્હી ખાતે આ માહિતી આપતા જણાવ્યું હતું કે આ કરારથી બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને રોકાણને મોટો વેગ મળશે.

27 એપ્રિલે હસ્તાક્ષર કરાયેલા આ ઐતિહાસિક કરાર હેઠળ ભારતથી ન્યૂઝીલેન્ડ નિકાસ થતી 100 ટકા વસ્તુઓને કરાર અમલી બનતા જ ડ્યૂટી-ફ્રી એટલે કે જકાતમુક્ત પ્રવેશ મળશે. હાલમાં ન્યૂઝીલેન્ડ ભારતના કપાસ, સિરામિક્સ, કાર્પેટ, ઓટોમોબાઈલ્સ અને ઓટો કમ્પોનન્ટ્સ જેવા મુખ્ય સામાન પર 10 ટકા સુધીની જકાત વસૂલે છે, જે નાબૂદ થતાં ભારતીય સામાનને વેલિંગ્ટનના બજારમાં સ્પર્ધક દેશો સામે મોટો ફાયદો થશે.

આ વેપાર કરાર હેઠળ ન્યૂઝીલેન્ડે આગામી 15 વર્ષમાં ભારતમાં 20 અબજ અમેરિકી ડોલરનું જંગી રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ રોકાણ અને ટેકનોલોજીથી ભારતના ઉત્પાદન ક્ષેત્રને મોટો લાભ થશે. વધુમાં, કૃષિ ઉત્પાદકતા ભાગીદારી દ્વારા ન્યૂઝીલેન્ડની અત્યાધુનિક ટેકનોલોજી ભારતના વિશાળ બજાર અને વધતી માગ સાથે જોડાશે. ભારતે દેશના ડેરી ઉત્પાદનો, ડુંગળી, ચણા, વટાણા, મકાઈ, બદામ અને ખાંડ જેવા સંવેદનશીલ ક્ષેત્રોને આ કરારમાંથી બહાર રાખીને દેશી ખેડૂતોના હિતોનું રક્ષણ કર્યું છે. ન્યૂઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેકક્લેએ આ કરારને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના સમયમાં બંને દેશોના વેપારી સમુદાય માટે આશાસ્પદ ગણાવ્યો છે. રોકાણને પ્રોત્સાહન આપવા માટે ખાસ ભારત-ન્યૂઝીલેન્ડ ડેસ્ક પણ શરૂ કરવામાં આવશે.

# ફક્ત આર્યસમાજનું સર્ટિફિકેટ એ માન્ય હિન્દુ લગ્નનો પુરાવો નથી: હાઈકોર્ટ

**હિન્દુ** લગ્ન સાબિત કરવા માટે જરૂરી હિન્દુ લગ્નવિધિઓ થઇ હોવી જરૂરી છે

**અપરિણીત** હોવાની ખોટી માહિતી આપવાના આરોપસર બરતરફ કરાયેલા SSB જવાનની બરતરફી રદ કરવા આદેશ

**લખનૌ, તા. 21 (PTI):** આર્યસમાજ મંદિરનું લગ્ન પ્રમાણપત્ર, જો હિન્દુ મેરેજ એક્ટ હેઠળ નિર્ધારિત આવશ્યક વિધિઓ પૂરી ન કરવામાં આવી હોય તો, પોતાની મેળે જ એ વાત સાબિત ન કરી શકે કે માન્ય હિન્દુ લગ્ન સંપન્ન થયા હતા, તેમ સોમવારે અલાહાબાદ હાઈકોર્ટે જણાવ્યું હતું.

જસ્ટિસ રાજીવ સિંહે સશસ્ત્ર સીમા બલ (SSB)ના અધિકારી રોહિત પાંડેને સેવામાંથી હટાવવાના આદેશને રદ કરતી વખતે આ અવલોકન કર્યું હતું. રોહિત પાંડે પર વૈવાહિક સ્થિતિ અંગે ખોટી જાહેરાત કરવાનો આરોપ મૂકીને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. કોર્ટ પાંડેની એ અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં તેમણે SSBના 28 એપ્રિલ, 2022ના આદેશને પડકાર્યો હતો. આ આદેશમાં સેવામાં પ્રવેશ કરતી વખતે તેઓ અવિવાહિત હતા તેવી તેમની જાહેરાત ખોટી હોવાનું કહીને તેમને સેવામાંથી હટાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમની સામેની આ કાર્યવાહી સુચેતા તિવારીની ફરિયાદને પગલે કરવામાં આવી હતી, જેણે દાવો કર્યો હતો કે તેણે 2007માં એક આર્યસમાજ મંદિરમાં પાંડે સાથે લગ્ન કર્યા હતા.

SSB એ આ કથિત લગ્નને માન્ય ગણ્યા હતા અને તારણ કાઢ્યું હતું કે પાંડેની જાહેરાત ખોટી હતી. પાંડેએ આ કથિત લગ્નનો ઈનકાર કર્યો હતો અને દલીલ કરી હતી કે આવશ્યક હિન્દુ લગ્નવિધિઓ કરવામાં આવી હતી તેનો કોઈ પુરાવો નથી. તેમણે એક સંબંધિત ફોજદારી કેસમાં કોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન તિવારીના આપેલા નિવેદનનો પણ સહારો લીધો હતો, જેમાં તેણે સ્વીકાર્યું હતું કે હિન્દુ રીત-રિવાજો મુજબ લગ્ન સંપન્ન થયા ન હતા. જોકે, SSB એ ખાતાકીય તપાસ પર ભરોસો મૂક્યો હતો જેમાં તિવારીએ

...અનુસંધાન પાના 15 પર

# બિહારમાં મિત્ર સાથે જતી વિદ્યાર્થીનીની બદમાશોએ છેડતી કરી, છોકરાને પણ માર્યો

**સોશિયલ** મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ પોલીસે તુરંત કાર્યવાહી કરી, 3 આરોપીઓની અટકાયત કરાઈ

**વાહનના** રજિસ્ટ્રેશન નંબરના આધારે પોલીસે પીડિતોનો સંપર્ક કર્યો



**જમુઈ (બિહાર), તા. 21 (PTI):** બિહારના જમુઈ જિલ્લામાં દસમા ધોરણમાં અભ્યાસ કરતા એક સગીર વિદ્યાર્થી અને વિદ્યાર્થીની કોચિંગ ક્લાસથી પરત ફરી રહ્યા હતા ત્યારે મડવા પહાડ નજીક અસામાજિક તત્વોના ટોળાએ તેમને આંતરીને ગંભીર રીતે હેરાન કર્યા હતા.

વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળે છે કે મડવા પહાડથી પરત ફરી રહેલા વિદ્યાર્થીઓના સ્કુટરને બદમાશોએ તેમની સાથે ગાળાગાળી કરી, મારામારી કરી અને સગીરાની છેડતી કરી હતી. હાથ જોડીને કરગરી રહેલી સગીરા સાથે બદમાશોએ શારીરિક ખેંચતાણ કરી અને બંને પાસે બળજબરીપૂર્વક માફી મગાવી હતી. આ શરમજનક ઘાતકી ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા

...અનુસંધાન પાના 15 પર

### કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોના રાજ્ય સરકાર પર આકરા પ્રહારો

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ ઘટનાને અત્યંત વિચલીત કરનારી ગણાવી ભાજપ સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો અને આરોપીઓ સામે પોક્સો હેઠળ કડક કાર્યવાહીની માંગ કરી હતી. 'અંધભક્તો'ના કારણે આવી માનસિકતા સામાન્ય બની રહી છે અને ભાજપ સરકાર સામે સવાલ ઉઠાવ્યો હતો કે

...અનુસંધાન પાના 15 પર

### તા. ૨૧-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૬૬૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૫.૪ સે. | ૨૬.૪ સે. | ૮૫% |